JRD HC

૬૪૭૮



ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૭

૩૫૧૨-૪૦૫૫
ક્રમાંકઃ હ-૨/સ્કો/૨૦૧૭/
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા. ૮/૧૧/૨૦૧૭

D.E.O. A'BAD CITY
08 NOV 2017
INWARD NO ૩૬૪

પ્રતિ,

- ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
- આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ..
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ..

વિષયઃ- રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત...

સંદર્ભઃ-(૧) શિક્ષણ વિભાગના તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃએસસીએચ/૧૧૧૬/૫૩૯/છ ઉપરના આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરા ક્રમાંકઃહ-૨/સ્કો/ ૨૦૧૭/ ૧૯૦૭-૨૧૩૯
(૨)અત્રેના પત્રાંકઃ કઃહ-૨/સ્કો/ ૨૦૧૭/૨૨૧૩-૨૭૫૬ તા.૭/૯/૨૦૧૭
(૩)અત્રેના પત્રાંકઃ કઃહ-૨/સ્કો/ ૨૦૧૭/૨૮૪૨-૩૩૮૫ તા.૨૯/૯/૨૦૧૭

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજ્યની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓ તથા કોલેજોમાં અભ્યાસ કરતા અને યુનિવર્સિટી ખાતે સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉકત સંદર્ભ દર્શિત ઠરાવથી સરકારશ્રીએ શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા અને વિધાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે. જે આપને અગાઉ મોકલી આપવામાં આવેલ છે.

સદર ઠરાવમાં સમાવેશ કર્યા મુજબ સરકારી અને બિન સરકારી શાળા તથા કોલેજોના વિધાર્થીઓ અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતાં વિધાર્થીઓને લાગુ પડતી યોજનાનો તમામ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી એન.આઈ.સી. મારફતે ઓન લાઈન પોર્ટલ વિકસાવેલ છે. જેનું એડ્રેસ **https://www.digitalgujarat.gov.in** છે. જેથી તેનો ઉપયોગ કરીને સને.૨૦૧૭-૧૮ના વર્ષની અરજીઓ ઓન લાઈન મોકલી આપવા માટે આ અગાઉ જણાવવામાં આવેલ છે જેમાં અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૭ છે. આ અગાઉ આ બાબતે જણાવવામાં આવેલ છે.

જેથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના તાબા હેઠળની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના વિધાર્થીઓ તેમજ સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોના વિધાર્થીઓ અને યુનિવર્સિટીઓમાં સંશોધનની અભ્યાસ કરતા વિધાર્થીઓ આ શિષ્યવૃત્તિઓનો મહત્તમ લાભ લઈ શકે તે માટે પરિપત્ર કરીને તેમજ જે તે શાળા/કોલેજ/સંસ્થાના નોટિસબોર્ડ ઉપર આ બાબત પ્રસિધ્ધ કરીને

"મહેકમ"

"મહેકમ" પરીપત્ર કરો.

૯/૧૧/૧૭

તમામ વિદ્યાર્થીઓના ધ્યાન પર આ બાબત લાવવા અને પાત્રતા ધરાવતો કોઈ વિદ્યાર્થી આ શિષ્યવૃત્તિઓના લાભથી વંચિત ન રહી જાય તે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

તમામ સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના તમામ કેટેગરીના માહે.માર્ચ.૨૦૧૭માં ધો.૧૦ પાસ કરેલ કે જેઓ સને.૨૦૧૭-૧૮ના વર્ષમાં ધો.૧૧માં અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓના તેઓના ધો.૧૦ના પરિણામના આધારે ધો.૧૧માં જ ફ્રેશ તરીકે અને જે વિદ્યાર્થીઓને સને.૨૦૧૬-૧૭ના વર્ષમાં ધો.૧૧માં ફ્રેશ શિષ્યવૃત્તિ મેળવેલ હોય તેવા અને ચાલુ વર્ષ સને.૨૦૧૭-૧૮ના વર્ષમાં ધો.૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રીન્યૂઅલના રૂપમાં ફેલોશિપ શિષ્યવૃત્તિ મેળવવા માટે, જે શાળાઓને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, વડોદરા તરફથી યાદી તથા ફોર્મ મળેલ છે તેઓએ પણ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ વિદ્યાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટેના શાળા/કોલેજ/યુનિ. કક્ષાએથી સઘન પ્રયત્નો થાય અને સદર કાર્યવાહી તા.૩૦/૧૧/૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવા માટે સબંધિતોને સૂચના આપવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગ.રા.ગાંધીનગર

ક્રમાંક:જિશિઅ/પરચ/૨૦૧૭-૧૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
અમદાવાદ શહેરબ્લોક એ – પ્રથમ માળ
બહુમાળી ભવન-વસ્ત્રાપુરઅમદાવાદ.
તારીખ : /૧૧/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ માધ્યમિક/ઉ.મા.શાળાઓ, તમામ
અમદાવાદ શહેર

ઉક્ત પરિપત્ર વંચાણે લઈ તેમાં દર્શાવેલ સુચના પ્રમાણે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર,અમદાવાદ